ISSN: 2319-202X

# મધ્યાહન ભોજન યોજના અંગે વિદ્યાર્થીઓના અભિપ્રાયો

**અંકુર જોશી**
આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતી પી.એન.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,ઉમરાખ.બારડોલી,
મો :7574893996 **ઈ મેઈલ**:– ankursjoshi11@gmail.com

શિક્ષણ એ માનવના સર્વાંગી વિકાસની પ્રક્રિયા છે. માનવીના સર્વદેશીય પ્રતિભાનો વિકાસ જે પ્રક્રિયા દ્વારા થાય તે કેળવણી છે. સામાજિક પરિવર્તનનો એક મુખ્ય સ્ત્રોત શિક્ષણ છે. તેથી જ તો શિક્ષણનું મહત્વ સમજાવતા કોઠારી કમિશનને ટાંકતા આકુવાલા (1966) જણાવે છે કે વિરાટ પાયા પર દેશનક્કી માં પરીવર્તન આણવું હોય અને તેય હિંસક ક્રાંતિ વગરનો તેને માટે એકમાત્ર સાધન છે, જેનો ઉપયોગ કરવાનો રહેશે અને તે છે શિક્ષણ "

આઝાદી પછી ઈ.સ.1950માં આપનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી દસ વર્ષના ગાળામાં એટ્લે ઈ.સ. 1960 સુધીમાં 6 થી 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત, ફરજિયાત અને સાર્વત્રિક શિક્ષણ પૂરું પાડવામાં આવશે એવું બંધારણની કલમ 45 થી નક્કી કરવામાં આવ્યું હઓ. ઈ.સ 1976માં બંધારણમાં સુધારો કરી તેની જવાબદારી કેન્દ્ર અને રાજ્યની સંયુક્ત કરવામાં આવી છે.

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના સંદર્ભે રાજ્ય સરકારે કેટલીક યોજનાઓ હાથ ધરીને શિક્ષણજગતમાં તદ્દન નવી જ કેદી કંડારી છે આ યોજના સર્વ શિક્ષા અભિયાન, પ્રવેશોત્સવ , ભારવિનાનું ભણતર, વિદ્યાલક્ષ્મી યોજના, વૈકલ્પિક શિક્ષણ યોજના મધ્યાહન યોજના વગેરેનો સમાવેશ થાય છે.

ભારતમાં મધ્યાહન ભોજન યોજનાનો જાહેર ખ્યાલ ઈ.સ. 1925માં યોજના પછાત બાળકો માટે મદ્રાસમાં શરૂ કરવામાં આવી હતી. આ મધ્યાહન ભોજન યોજના નો અમલ બીજા શહેરોમાં પણ અમલ થયો. ઈ.સ 1990–91 માં સત્તર રાજ્યોની સરકારે પ્રાથમિક શાળાના 6 થી 11 વર્ષના બાળકો માટે મધ્યાહન ભોજન યોજનાનો રાષ્ટ્રીય યોજના તરીકે પોષણનો આધાર લઈ વડાપ્રધાન દ્વારા સમગ્ર દેશમાં 15મી ઓગસ્ટ ઈ.સ 1995ના રોજથી મધ્યાહન ભોજન યોજના અમલમાં મૂકવામાં આવી હતી.

આ મધ્યાહન ભોજન યોજના અંગે આચાર્યોને ઘણા પ્રશ્નો ઉદભવતા જોવા મળે છે. આ બધા પ્રશ્નોના ઉત્તરો વૈજ્ઞાનિક ઢબે મેળવવા સંશોધકે પોતાના સંશોધન માટે ઉપરોક્ત વિષયની પસંદગી કરવાનું નક્કી કર્યું હતું.

**સંશોધનના હેતુઓ**

1) મધ્યાહનભોજન અંગે માહિતી મેળવવી
2) મધ્યાહનભોજન સંદર્ભે વિદ્યાર્થીઓના અનુભવો જાણવા

૩) મધ્યાહનભોજન અંગે વિદ્યાર્થીઓ માટેની વ્યવસ્થા અંગે જાણકારી મેળવવી.

**સંશોધનનું મહત્વ**

૧) મધ્યાહન ભોજન યોજના અંગે ચોક્કસ માહિતી જાણવા ઉપયોગી થશે.

૨) મધ્યાહન ભોજન યોજના અંગે વિદ્યાર્થીઓના પ્રતિભાવ જાણવા મળશે.

૩) મધ્યાહન ભોજન યોજનામાં જરૂરી સુધારા વધારા કરવા માટે ઉપયોગી થશે.

**વ્યાપવિશ્વ અને નમૂના પસંદગી**

ચોકસાઈપૂર્વક અને વિશિસ્ટતાપૂર્વક જો કોઈપણ સમસ્યાનો અભ્યાસ કરવો હોય તો તેના વ્યાપવિશ્વની વ્યાખ્યા સ્પષ્ટ કરવી અત્યંત આવશ્યક બને છે. સંશોધકે જે શીર્ષક હેઠળ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું તે સંદર્ભમાં સુરત જિલ્લાના બારડોલી તાલુકાની 2 પ્રાથમિક શાળા વ્યાપવિશ્વમાં સમાવેશ કર્યો હતો. અને નમૂના તરીકે 2 પ્રાથમિક શાળાના 25 વિદ્યાર્થીઓ પ્રસ્તુત સંશોધન કાર્યનો નમૂનો ગણાશે.

**સંશોધન ઉપકરણો**

શૈક્ષણિક સંશોધન ક્ષેત્રે પ્રત્યેક ઉપકરણ વિશિષ્ટ પ્રકારની માહિતી પૂરી પાડે છે. સંશોધનને અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસને અનુલક્ષીને પ્રશ્નાવલિનો ઉપયોગ કર્યો હતો.

**માહિતી એકત્રીકરણ**

સંશોધકે સંશોધન વિષયના સંદર્ભમાં વિદ્યાર્થીના અભિપ્રાયો મેળવવા માટે નામુનામાં સમાવિષ્ટ થતી શાળાઓની રૂબરૂ મુલાકાતે જઈ શાળામાં ભોજન લેનાર 50 વિદ્યાર્થીઓને મળી તેમને પ્રશ્નાવલિ આપી હતી અને પ્રશ્નાવલિ સમય મર્યાદામાં અને સંપૂર્ણ રીતે ભરેલી પરત મેળવી માહિતી પ્રાપ્ત કરી હતી.

**અંકશાસ્ત્રીય પૃથક્કરણની રીત**

માહિતી એકત્રિકરણની પ્રક્રિયા બાદ અતિ આવશ્યક કાર્ય પ્રાપ્ત આંકડાકીય માહિતીનું પૃથ્થકરણ કરવાનું હોય છે.પ્રાપ્તાંકો પ્રાપ્ત કર્યા પછી સંખ્યાત્મક રીતે પૃથ્થકરણ કરવામાં આવ્યું હતું. અનએ વિદ્યાર્થીઓએ માટે રચવામાં આવેલી પ્રશ્નાવલિ પર મળેલ માહિતીનું ટકાવારી શોધી વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

**તારણો**

૧) વિદ્યાર્થીઓ રોજ મધ્યાહન ભોજન લે છે.

૨) વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજનમાં મળતો ખોરાક ખાવાનું ગમે છે.

૩) ખોરાકની ગુણવત્તા યોગ્ય ન હોય તો શિક્ષકોને ફરિયાદ કરતાં નથી.

૪) મધ્યાહન ભોજન યોજનામાં બાળકોને પૂરતો ખોરાક આપવામાં આવે છે.

**સંદર્ભ સૂચિ**

આકુવાલા સી.કે.(1966),***ભારતીય શિક્ષણના આધુનિક પ્રશ્નો અને પ્રવાહો.*** અમદાવાદ:ભારત પ્રકાશન. પૃષ્ટ–45